જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૪૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી ૪૮૭ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૩૪૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૪૪/૧૫**

**ઓઢવ :** કમલેશભાઇ પંચમલાલ ઝારીયા (રહે. રબારી કોલોની, ઓઢવ) એ તા.૧૮/૧૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૧/૧૫ કલાક ૮/૦૦ થી રાતનાં ૯/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી પોતાના પુત્ર નિલેષ ઉર્ફે ભોલુ (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**રામોલ :** ક્રિષ્નાબહેન બાબુભાઇ પટેલ (ઉ.વ.૧૬)(રહે.પ્રહલાદ પાર્ક સોસાયટી, મહાદેવનગર, વસ્ત્રાલ) ને તા.૧૭/૧૧/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી નૈતીક અશોકભાઇ રામી (રહે.આનંદનગર, અર્બુદાનગર, ઓઢવ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ક્રિષ્નાબહેનની માતા સરોજબહેન પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

**ચાંદખેડા :** પ્રિયંકાબહેન મહેશકુમાર વર્મા (ઉ.વ.૧૭)(રહે.વૈકુંઠનગર માનસરોવરની પાસે, ચાંદખેડા) ને તા.૧૬/૧૧/૧૫ બપોરનાં ૩/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મહેન્દ્ર રાજુભાઇ ઘાંચી(રહે.ખેરવા ગામ, પોસ્ટ: મારવાડ જંકશન, તા.જી. પાલી, રાજસ્થાન) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે.આ અંગેની ફરીયાદ પ્રિયંકાબહેનનાં પિતા મહેશકુમાર વર્માએ તા.૧૮/૧૧/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૪૫/૧૫**

**સાબરમતી :** યોવનભાઇ રાજેશભાઇ ત્રિવેદી (રહે.રત્ના પ્લાઝા કોમ્પલેક્ષ, ઓમ રેસીડન્સી સામે, ન્યુ રાણીપ) એ તા.૧૮/૧૧/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ બપોરના ૩/૦૦ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની વિંટી નંગ-૨ અને સેમસંગ મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રસીકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૩૪૬/૧૫**

| | |
|---|---|
| **વટવાઃ** વિજય લાલુભાઈ દંતાણી (ઉ.વ.૨૨) (રહે. ચાર માળીયા પીકનીક પાર્કની સામે વટવા) તા.૨૫/૧૦/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગની ટી-શર્ટ અને કાળા રંગની નાઈટી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **નરોડાઃ** સંગીતાબહેન મઘાજી બાબરી (ઉ.વ.૩૦) (રહે.જી.ઈ.બી.ની બાજુમાં નરોડા) તા.૧૩/૧૧/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને શ્યામવર્ણા છે. લાલ રંગનો બાબરીનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **ચાંદખેડાઃ** બદામી જોટારામ બોચીયા (ઉ.વ.૧૮) (રહે.રામાપીરની ચાલી વેલજીભાઈનો કુવો મોટેરા ચાંદખેડા) તા.૯/૧૧/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. ગુલાબી રંગનુ ટોપ અને કાળા રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. બન્ને હાથ ઉપર અંગ્રેજીમાં બી કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |

**બિન વારસી લાશ મળી આવવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૩૪૭/૧૫**

| | |
|---|---|
| **નિકોલઃ** તા.૧૮/૧૧/૧૫ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા સીંગરવા ભુલાવડી રોડ ગ્રીડ ટ્રાન્સફોર્મર નજીકથી ૩૫ વર્ષના આશરાના પુરૂષની લાશ નિકોલ પોલીસને મળી આવતા ખુનનો ગુનો નોધેલ છે. જે પુરૂષ ૩૫ વર્ષના આશરાનો છે. કાળા રંગના શર્ટમાં સફેદ, લાલ, ક્રીમ રંગના પટ્ટા છે અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૯૨૯૨૬૪૬) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)